


"તમારે ત્યાં તો પ્રવેશોત્સવ જામ્યો છે હોં..!"

"કયા પ્રવેશોત્સવની વાત કરો છો સાહેબ..?!"

"અરે, તમને પણ ફોડ પાડીને કહેવુ પડશે..?! આ રોજ જોતા નથી..? ગઈકાલે જામનગરમાં, આજે ડાકોરમાં, આવતીકાલે માણસામાં કેસરીયા પ્રવેશોત્સવ, હવે સમજ્યાં કે નહી..?!"

"હા, સાહેબ હા... સમજી ગયો. આ અમારી પોલીસી મેટરની વાત છે. એમાં બીજાને શું કામ પેટમાં દુ:ખે છે..?!"

"અરે... ભાઈ તમે પ્રવેશોત્સવ કરો, જોરશોરથી કરો એની ના જ નથી પણ તમારા પક્ષમાં જ ચણભણાટ છે..!"

"... શું શું.. ચણભણાટ છે..?!"

"પ્રવેશોત્સવ બહુ થયા, હવે ગુણોત્સવની જરૂર છે. આ હું નથી કહેતો તમારા ત્યાં ચાલતો ચણભણાટ છે..!"

"સાહેબ, આ તમારી સ્ટાઈલ જુની છે. તમારો પક્ષ તુટી રહ્યો છે એમ નથી કહેતા અને અમારી વાતો કરો છો ? પહેલાં ઘર સાચવવાની જરૂર છે પછી પારકી પંચાત કરો..!"

"મર્યાદામાં રહો, મર્યાદામાં. આ પંચાત પારકી નથી, આપણા રાજ્યની છે અને આપણા દેશની છે..!"

"એટલે..?!"

"એટલે શું ? તમારા નેતાઓ ગાજી ગાજીને બોલતા હતા. કોંગ્રેસમુક્ત ભારત કરવું છે. આ તો કોંગ્રેસયુક્ત ભાજપ થયું. આ તો કંઈ રાજકારણની રીત છે ? ચૂંટણી આવે એટલે તોડફોડ શરૂ કરવી અને પછી ડંફાસ મારીએ..!"

"જુઓ સાહેબ, આ ઈર્ષાળુઓની ભાષા છે. અમારી પાર્ટી મોટી થાય, અમારી જીત થાય અને તમારાવાળાઓને પેટમાં તેલ રેડાય અને અનાપ-શનાપ બોલે..."

"ઓ... હો...હો... ખરૂ સંભળાવો છો. તમે તો સાંભળી લો. તમે કહેતા હતા કે અમારો પક્ષ સૌથી અલગ છે Party with difference યાદ છે ને કે સંભળાવુ જુની કેસેટ... અભી બોલા અભી ફોક."

"આ બધી તમારી નિરાશા છે, નિરાશા.. લખી રાખો સામી ભીંતે, ગુજરાતની વિધાનસભા અને દેશની લોકસભા ડંકાની ચોટ ઉપર જીતીશુ. તમે ગમે તે વાતો કરો કે ગમે તે વિશ્લેષણ કરો, જીત અમારી છે."

"ઓ... હો... હો... બહુ અભિમાન આવી ગયું છે. પણ તમને ખબર છે ને કે અભિમાન તો..!"

"સાહેબ, વાતને આડા પાટે ન લઈ જાઓ. આ અભિમાન નથી અમારો આત્મવિશ્વાસ છે..!"

"હા તમારે જે નામાભિધાન કરવા હોય તે કરો. એનાથી કંઈ વાત બદલાતી નથી, વિષય બદલાતો નથી એટલે હું તો એમ કહુ છુ કે કોઈના ઉછીના ધારાસભ્ય લાયા કરતાં પક્ષના કાર્યકરોને જ ધારાસભ્ય બનાવો તો પક્ષ પણ મજબુત થશે અને લોકશાહી પણ મજબુત થશે..!"

"હા આપના સોનેરી સુચનો વિચારશું હો..!!"

"આ તો સાચુ કહીએ એટલે ખટકે, તમને. ઠીક લાગે તે કરો. પણ લોકશાહી બચાવજો. ભાષા વિવેક જાળવજો અને ગુજરાતની ગરિમા સાચવજો હોં...!!"

- નિમિત્ત માત્ર

# જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસોનો આંક ૧૦૦ને પાર

## આજે વધુ ૮ કેસ પોઝીટીવ મળી આવ્યા : બે મહિલા અને એક બાળ દર્દીને પણ સ્વાઈન ફ્લુ પોઝીટીવ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૧૦૦ને પાર કરી ગઈ છે. જો કે તંત્ર હજુ કેસોની સંખ્યા ૯૯ થઈ હોવાનું માની રહેલ છે. હવે દર્દીના કોન્ટેક્ટ પર્સનનું પણ તંત્ર દ્વારા ટ્રેકીંગ કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે આજે વધુ ૮ કેસ સ્વાઈન ફ્લુ પોઝીટીવના મળી આવ્યા છે. જિલ્લામાં સ્વાઈન ફ્લુ બેકાબુ બની ગયો છે. અત્યાર સુધીમાં ૫૫ દર્દીને રજા આપી દેવામાં આવી હોવાનું પણ જાણવા મળેલ છે.

આજે જે ૮ કેસ મળ્યા છે તેમાં ગાંધીનગર તાલુકાના ૪ કેસ છે. ગાંધીનગર તાલુકામાં આદરજ મોટી ખાતેથી એક કેસ સ્વાઈન ફ્લુ પોઝીટીવનો મળી આવેલ છે. આ ઉપરાંત વડોદરામાંથી પણ એક કેસ મળી આવેલ છે.

ગાંધીનગર તાલુકાના પ્રાંતિયા ગામેથી એક મહિલા અને એક દોઢ વર્ષના બાળકને પણ આજે પરીક્ષણ દરમ્યાન સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાયેલ છે. આમ પ્રાંતિયા ગામમાંથી આજે બે કેસ મળી આવતાં તંત્ર ચોંકી ઉઠ્યું છે.

દહેગામ તાલુકાના ધારીસણા ખાતેથી પણ એક મહિલાને સ્વાઈન ફ્લુ પોઝીટીવ હોવાનું આજે પરીક્ષણ દરમ્યાન જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે કલોલમાંથી આજે સ્વાઈન ફ્લુ પોઝીટીવ ધરાવતા ૩ દર્દી મળ્યા છે જે પૈકીનો એક દર્દી તાલુકાના રામનગરનો છે.

જિલ્લામાં સૌથી વધુ કેસ ગાંધીનગર તાલુકામાંથી ૪૩ મળી આવ્યા છે. જ્યારે કલોલમાંથી ૩૨ કેસ મળી આવ્યા છે. દહેગામમાંથી ૨૩ અને માણસામાંથી ૧૧ કેસ મળી આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે હાલ ૩૧ દર્દી સારવાર હેઠળ છે. જેમાં બે દર્દી વેન્ટીલેટર પર સારવાર હેઠળ છે. તો બે દર્દી બાયપેપ પર સારવાર હેઠળ છે. બાકીના દર્દીઓની સ્થિતિ સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

ઓગષ્ટ માસ દરમ્યાન જ ૮૬ કેસ સ્વાઈન ફ્લુના સામે આવતાં તંત્ર માટે પણ હવે પડકાર ઉભો થયો છે. તંત્ર દ્વારા સર્વેલન્સ ઉપરાંત આયુર્વૈદિક ઉકાળાઓનું વિતરણ સઘન કરાયું છે. જો કે સતત બદલાતુ જતુ હવામાન આ રોગને વકરાવવા માટે વધુ જવાબદાર હોવાનું તંત્રના અધિકારીઓ ખાનગીમાં સ્વીકારી રહ્યા છે.

જિલ્લામાં સ્વાઈન ફ્લુનો આંક ૧૦૦ને પાર કરી ગયો હોવાનું બિન સત્તાવાર સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

તંત્રમાં ખાનગી હોસ્પિટલોમાં નોંધાયેલા કેસો ધ્યાને નહિ લેવાતા હોવાનું જાણવા મળેલ છે.

દરમ્યાન તંત્રએ દર્દીઓના કોન્ટેક્ટ પર્સનનું ટ્રેકીંગ ૧૦ દિવસ સુધી કરવાનો પણ એક મહત્વનો નિર્ણય આજે લીધો છે. જે સ્વાઈન ફ્લુને વકરતો અટકાવવામાં મદદરૂપ થશે તેમ માનવામાં આવી રહ્યુ છે.

# માણસા તાલુકા પંચાયતના ૧૦ સભ્યો ભાજપમાં જોડાયા

## કોંગ્રેસે જિલ્લામાં તાલુકા પંચાયત પરનો કાબુ ગુમાવ્યો : વાઘેલાએ કોંગ્રેસ સાથે છેડો ફાડ્યા બાદ જિલ્લામાં રાજકીય ભૂકંપ આવ્યો : આગામી દિવસોમાં જિલ્લા પંચાયતમાં પણ પડઘા પડશે તેવી અટકળો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લાની માણસા તાલુકા પંચાયતના નવ સભ્યોએ કોંગ્રેસ સાથે છેડો ફાડી ભાજપનો ભગવો ધારણ કરતાં માણસા તાલુકા પંચાયત ભાજપે કબ્જે કરી છે.

આજે ડાકોર ખાતે ભાજપમાં જોડાઈ રહેલા બે પૂર્વ ધારાસભ્યો રામસિંહ પરમાર અને માનસિંહ ચૌહાણને આવકારવા માટે યોજાયેલ કાર્યક્રમમાં આ અંગેની વિધિવત્ ઘોષણા સાથે ૧૦ સભ્યોને કેસરી ખેસ પણ પહેરાવી સ્વાગત કરવામાં આવ્યુ હતુ.

માણસા તાલુકા પંચાયતમાં સભ્યોની સંખ્યા ૨૪ છે જેમાં ૧૮ કોંગ્રેસના હતા અને ૬ ભાજપના સભ્યો હતા. કોંગ્રેસમાંથી ૧૦ સભ્યો ભાજપમાં જતાં ભાજપની સભ્ય સંખ્યા વધીને ૧૬ થઈ છે.

હજુ ગઈકાલે જ માણસા ખાતે કોંગ્રેસ કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યુ ત્યારે આ બધા સભ્યો હાજર હતા અને આજે તેઓએ વિધિવત્ રીતે ભાજપનો ખેસ પહેરી ભાજપમાં જોડાયાની જાહેરાત સાથે જ કોંગ્રેસની નેતાગીરી સન્નાટામાં સરકી ગઈ છે.

માણસા તાલુકા પંચાયતના પ્રમુખ જગતસિંહ બિહોલા સહિત ૧૦ સભ્યો ભાજપમાં જોડાઈ ગયા છે.

તાલુકા પંચાયત પ્રમુખ જગતસિંહ બિહોલાએ પક્ષાંતર કરવાના તેમના નિર્ણય માટે પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી જવાબદાર હોવાનું જણાવી જણાવ્યું હતું કે તેમણે અનેક વખત રજુઆતો કર્યા પછી પણ તેમના પ્રશ્નો અંગેના ઉકેલની દિશામાં કોઈ કાર્યવાહી ના કરાતાં આ નિર્ણય કરવો પડ્યો છે.

ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, મહેસુલ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ સભ્યોને ખેસ પહેરાવી ઠાસરા ખાતેના કાર્યક્રમમાં મીઠો આવકાર આપ્યો હતો.

કોંગ્રેસના સ્થાનિક નેતાઓને ગઈકાલે આ અંગેનો અણસાર આપ્યો હતો પરંતુ મોડુ થઈ ચુક્યુ હતુ. જો કે નેતાઓએ બેઠકોનો દોર ચલાવ્યો હતો. પરંતુ સફળતા મળી ન હતી અને ૨૯મી સુધીમાં નવાજુની થશે તેવુ માનતા હતા પરંતુ આજે જ આ સભ્યો જોડાઈ ગયા છે.

જો કે કોંગ્રેસના કેટલાક આગેવાનો કહી રહ્યા છે કે તેમના સભ્યોને લોભ-લાલચ અને ધમકી આપી લઈ જવાયા છે અને બે

● અનુસંધાન પાન-૭ પર

# સન્ડે બન્યો બ્લેક ડે : જિલ્લામાં પાંચના ડુબી જવાથી મૃત્યુ

## કરાઈ નદીમાં ન્હાવા પડેલા ઝુંડાલના બે યુવાનો ડુબ્યા : લીંબડીયા કેનાલમાં બે યુવાનોએ ઝંપલાવી આપઘાત કર્યો : સે. ૩૦ સર્કલ નજીક નદીમાં ફૂલ પધરાવવા જતી મહિલાનું ડુબી જવાથી મૃત્યુ



ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેર આસપાસના વિસ્તારોમાં નદી અને કેનાલમાં ડુબી જવાથી પાંચના મૃત્યુ થતા ચકચાર મચી જવા પામી છે. ગાંધીનગર માટે આજનો સન્ડે બ્લેક ડે બની ગયો હતો. કરાઈ નદીમાં ન્હાવા પડેલા બે યુવાનોના મૃતદેહ આજે નીકળ્યા હતા તે ઉપરાંત લીંબડીયા નર્મદા કેનાલમાં છલાંગ લગાવીને બે અલગ અલગ વિસ્તારના યુવાનોએ આપઘાત કરી લીધા હોવાનું જાણવા મળ્યુ છે. તે ઉપરાંત સે. ૩૦ સર્કલ નજીક સાબરમતી નદીમાં ફૂલ પધરાવવા જતી એક મહિલાનો પગ લપસી જતા ડુબી જવાથી તેણીનું પણ મોત નિપજતા શહેર આસપાસ નદી-કેનાલમાં ડુબી જવાથી કુલ પાંચના મૃત્યુ થયા હોવાનું પોલીસ ચોપડે નોંધાયું છે.

મળતી માહિતી મુજબ ઝુંડાલ ખાતે રહેતા મિત્રમંડળનું ગ્રુપ ગઈકાલે કરાઈ નદીમાં ન્હાવા ગયુ હતુ. તે પૈકી બે યુવાન મિત્રો ડુબી ગયા હતા. આજે તે બંને યુવાનો ૨૧ વર્ષિય મેહુલ વિક્રમજી ઠાકોર અને દિપક વેલાજી વાઘેલાના મૃતદેહ બહાર નિકાળ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# દિનેશ બોરસેની શહાદતને ગુજરાતની ગૌરવ સલામી

## બોરસેનો પાર્થિવદેહ પંચમહાભૂતમાં વિલીન : કાશ્મીરના પુલવામા ખાતે ત્રાસવાદી હુમલામાં નરોડાનો દિનેશ બોરસે શહીદ



અમદાવાદ,તા. ૨૭

જમ્મુ-કાશ્મીરના પુલવામામાં ગઈકાલે આંતકવાદી હુમલામાં શહીદ થયેલા સીઆરપીએફના જવાન અને શહેરના નરોડા વિસ્તારના રહેવાસી દિનેશ બોરસેના પાર્થિવદેહને આજે ભારે આદર અને સન્માન સાથે અમદાવાદ લવાયો હતો. બોરસેના મૃતદેહને તેના નરોડા વિસ્તારના નિવાસસ્થાને લવાયો ત્યારે ભલભલાનું કાળજું કંપાવી દે તેવો હ્દયદ્રાવક માહોલ સર્જાયો હતો. બોરસેની અંતિમયાત્રામાં સ્થાનિક લોકોથી લઈ રાજકીય નેતાઓ, અગ્રણીઓ, પોલીસ અધિકારીઓથી માંડી લશ્કરના જવાનો જોડાયા હતા. અંતિમયાત્રામાં વંદેમાતરમ્, શહીદ અમર રહોના નારા જોરદાર રીતે ગુંજી ઉઠતા દેશભકિત અને શહાદતના ગૌરવનો માહોલ છવાયો હતો. શહીદ બોરસેને ગાર્ડ ઓફ ઓનર અપાયું હતું અને આખરે તેમનો પાર્થિવદેહ પંચમહાભૂતમાં વિલીન થયો હતો એ વખતે લશ્કરના જવાનોથી માંડી ઉચ્ચ અધિકારીઓની આંખો પણ ભીની થઈ ગઈ હતી. શહેરના નરોડા વિસ્તારમાં અમરદીપ પાર્ક ખાતે રહેતો સીઆરપીએફનો જવાન દિનેશ દિપકભાઈ બોરસે પણ જમ્મુ-કાશ્મીરના પુલવામામાં ગઈકાલે આંતકવાદી હુમલામાં શહીદ થયેલા આઠ જવાનો સાથે વીરગતિને પ્રાપ્ત થયો હતો. આ સમાચારને પગલે નરોડા વિસ્તાર સહિત સમગ્ર શહેરમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ હતી. દરમ્યાન આજે શહીદ દિનેશ બોરસેના પાર્થિવ દેહને ભારે આદર અને સન્માન સાથે અમદાવાદ તેના વતન લવાયો ત્યારે તેના મૃતદેહને લેવા એરપોર્ટ પર મુખ્યમંત્રી વિજય રૂપાણી, ગૃહરાજયમંત્રી પ્રદીપસિંહ જાડેજા સહિતના મહાનુભાવો હાજર રહ્યા હતા.

### બોરસેના પરિવારને પાંચ લાખની સહાય

દરમ્યાન શહીદ દિનેશ બોરસેના પરિવારજનોને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રૂ. ચાર લાખની સહાય અને ગૃહવિભાગ તરફથી વધારાના એક લાખ રૂપિયા એમ મળી કુલ પાંચ લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરવામાં આવી હતી. આ સિવાય બોરસેની પત્નીને દર મહિને રૂ.એક હજારની આર્થિક સહાય અને તેના બંને પુત્ર-પુત્રીને તેઓ ૨૫ વર્ષના થાય ત્યાં સુધી દર મહિને રૂ.૫૦૦-૫૦૦ની સહાય આપવાની જાહેરાત કરવામાં આવી હતી.

## સેક્ટર-૨૨ ગણેશોત્સવ અંતર્ગત

# બેસ્ટ સીંગર સ્પર્ધામાં નગરના ૩૮ કલાકારોએ ભાગ લીધો

## સે. ૧૬માં બ્રહ્મસમાજ આયોજિત કાર્યક્રમમાં ગુગળ-કપૂરના ધુપની દિવ્ય મહેક વચ્ચે ભજનસંધ્યાની જમાવટ : સેવાકેન્દ્રો પર પદયાત્રીઓની ભીડ

ગાંધીનગર, તા. ૨૭

શહેરમાં અંબાજી જતા પદયાત્રીઓની સેવા વચ્ચે ગણેશોત્સવમાં ભાવિકો તરબોળ છે. ગણેશોત્સવની ઉજવણીમાં પણ નવતર અભિગમ જોવા મળી રહ્યો છે. શ્રીજીની ભક્તિ-અર્ચના સાથે સ્થાનિક કલાકારોને સ્ટેજ પર માળવા રાત્રિના યોજાતા રંગારંગ કાર્યક્રમમાં પણ શ્રોતાઓની ભીડ જામે છે. સે. ૨૨ સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ આયોજિત કાર્યક્રમમાં શનિવારે 'બેસ્ટ સીંગર ઓફ ધ સીટી' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં નગરના




સ્થાનિક કલાકારોએ ધમાકેદાર પરફોર્મ્સ રજૂ કરી શ્રોતાઓને દંગ કરી દીધા હતા. આ સ્પર્ધામાં નગરના ૩૮ કલાકારોએ ભાગ લીધો હતો. વિવિધ ત્રણ વયજૂથમાં ૫ થી ૬૦ વર્ષ સુધીના કલાકારોએ ગીતો રજૂ કર્યા હતા. સે. ૧૬ સ્થિત સોમનાથ મહાદેવ સમિતિ આયોજિત ગુજરાતી ગીત-સંગીતના કાર્યક્રમમાં પણ વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક ગીતોની પ્રસ્તુતિથી શ્રોતાઓ મંત્રમુગ્ધ બન્યા હતા. બ્રહ્મભવન નજીક સ્થિત પંડાલમાં ગુગળના ધૂપથી દિવ્ય મહેક સાથે શ્રીજીના ઓવારણા લેતી અદ્‌ભૂત કૃતિઓ મંચ પરથી રજૂ કરવામાં આવી હતી. રાત્રિના સમયે નગરના માર્ગો પર પદયાત્રીઓની સંખ્યા પણ વિશે રહી હતી. ચ-૦ સ્થિત પંચદેવ યુવક મંડળના સેવાકેન્દ્રમાં સેવ-મમરા,

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યમાં રાહુલ ગાંધીનો ૧૪ દિવસનો ચૂંટણી પ્રચાર કાર્યક્રમ

## ચોથી સપ્ટેમ્બરે રિવરફ્રન્ટના સંમેલન માટે આવશે : રાહુલના પ્રચાર કાર્યક્રમને લઇ ગુજરાત કોંગ્રેસમાં તડામાર તૈયારી

અમદાવાદ,તા. ૨૬

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈ કોંગ્રેસપક્ષના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તા.૪થી સપ્ટેમ્બરે અમદાવાદની મુલાકાતે આવવાના છે, ત્યારે બીજીબાજુ, વિધાનસભાની ચૂંટણીઓના પ્રચારને લઈ રાહુલ ગાંધીના સપ્ટેમ્બર અને ઓકટોબર એમ બે મહિના દરમ્યાન કુલ ૧૪ દિવસના કાર્યક્રમોનું આયોજન કરાયું છે. રાહુલ ગાંધીના પ્રચાર કાર્યક્રમ અને આગામી મુલાકાતને લઈ આજે પ્રદેશ કોંગ્રેસની બેઠક મળી હતી, જેમાં કાર્યકરોથી માંડી ટોચના નેતાઓને રાહુલ ગાંધીની મુલાકાત સંબંધી જાણકારી આપી વાકેફ કરાયા હતા. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા તા.૪થી સપ્ટેમ્બરે અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે પંચાયતી રાજના ચૂંટાયેલા લોકપ્રતિનિધિઓનું વિશાળ સંમેલન રાખવામાં આવ્યું છે, જેમાં કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી ખાસ હાજર રહેવાના છે. તેમની મુલાકાતને લઈ કોંગ્રેસ દ્વારા અત્યારથી રાજયના જિલ્લા-તાલુકા કક્ષાએથી ખૂબ મોટી

● અનુસંધાન પાન-૭ પર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર,
કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન)
ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા,
સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર
તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com